# રામનવમી - ભગવાન શ્રીરામનો પવિત્ર જન્મોત્સવ

ધર્મરંગ
વ્યોમા સેલર

રામનવમી હિંદુ ધર્મનો એક ખૂબ જ પવિત્ર અને આનંદમય તહેવાર છે. આ દિવસે ભગવાન શ્રીરામનો જન્મ થયો હતો. દર વર્ષે ચૈત્ર માસના શુક્લ પક્ષની નવમી તિથિએ આ તહેવાર ઉજવવામાં આવે છે. ભગવાન શ્રીરામને સત્ય, ધર્મ, કર્તવ્ય અને આદર્શ જીવનના પ્રતીક તરીકે માનવામાં આવે છે તેથી આ દિવસ ભક્તો માટે વિશેષ શ્રદ્ધા અને ભક્તિનો અવસર બની રહે છે.

રામનવમીનો તહેવાર હિંદુ સમાજ માટે અત્યંત પવિત્ર અને મહત્ત્વનો માનવામાં આવે છે. આ દિવસે અયોધ્યામાં રાજા દશરથ અને રાણી કૌશલ્યાના ઘરે ભગવાન શ્રીરામનો જન્મ થયો હતો.

ભગવાન શ્રીરામ અયોધ્યાના રાજા દશરથ અને રાણી કૌશલ્યાના પુત્ર હતા. તેમના જન્મથી સમગ્ર અયોધ્યા આનંદથી ભરાઈ ગઈ હતી. ભગવાન શ્રીરામ બાળપણથી જ સત્યવાદી, વિનમ્ર અને પરાક્રમી હતા. તેમણે પોતાના જીવનમાં હંમેશાં ધર્મ અને સત્યનો માર્ગ અપનાવ્યો. તેથી તેમને 'મર્યાદા પુરુષોત્તમ' કહેવામાં આવે છે.

ભગવાન શ્રીરામના જીવનની ઘણી ઘટનાઓ આપણને સારા સંસ્કાર શીખવે છે. પિતાની આજ્ઞા માનવા માટે તેમણે ચૌદ વર્ષનો વનવાસ સ્વીકાર્યો. વનવાસ દરમિયાન માતા સીતાજી અને ભાઈ લક્ષ્મણ પણ તેમની સાથે રહ્યાં. આ સમય દરમિયાન તેમણે અનેક કઠીન પરિસ્થિતિઓનો સામનો કર્યો પરંતુ ક્યારેય ધર્મનો માર્ગ છોડ્યો નહીં.

લંકાના રાજા રાવણે સીતાજીનું અપહરણ કર્યું ત્યારે ભગવાન શ્રીરામે વાનર સેના સાથે મળીને રાવણ સામે યુદ્ધ કર્યું. અંતે સત્ય અને ધર્મની જીત થઈ અને રાવણનો પરાજય થયો. આ ઘટનાથી આપણને શીખ મળે છે કે સત્ય અને સારાં કાર્યની હંમેશાં જીત થાય છે.

રામનવમીના દિવસે મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવે છે. લોકો ભગવાન શ્રીરામનું સ્મરણ



કરે છે, રામાયણનો પાઠ કરે છે અને ભજન-કીર્તન કરે છે. ઘણાં સ્થળોએ રામજન્મોત્સવ ખૂબ ઉત્સાહ અને ભક્તિભાવથી ઉજવવામાં આવે છે. આ દિવસે ઉપવાસ રાખવાની પણ પરંપરા છે.આ તહેવાર માત્ર ધાર્મિક ઉજવણી નથી, પરંતુ જીવનમાં સત્ય, કર્તવ્ય અને ધર્મના માર્ગે ચાલવાની પ્રેરણા પણ આપે છે. ભગવાન શ્રીરામનું આદર્શ જીવન આપણને સંસ્કાર, સદાચાર, ધીરજ અને કરુણાનું મહત્ત્વ સમજાવે છે. જો આપણે ભગવાન શ્રીરામના આદર્શોને જીવનમાં અપનાવીએ તો આપણું જીવન પણ સુખમય અને અર્થપૂર્ણ બની શકે છે. આ રીતે રામનવમીનો પવિત્ર તહેવાર ભક્તોના હૃદયમાં ભક્તિ, શ્રદ્ધા અને સકારાત્મક જીવનમૂલ્યોની પ્રેરણા આપે છે.

રામનવમીના પ્રસંગે અયોધ્યા શહેરનું મહત્વ વિશેષ રીતે વધે છે. હિંદુ ધર્મમાં અયોધ્યાને સાત પવિત્ર પુરીઓમાંનું એક તીર્થસ્થાન માનવામાં આવે છે. માન્યતા મુજબ અહીં જ ભગવાન રામનો જન્મ થયો હતો, તેથી આ નગરી ભક્તોના હૃદયમાં વિશેષ સ્થાન ધરાવે છે. પ્રાચીન સમયથી અયોધ્યા આધ્યાત્મિકતા, સંસ્કૃતિ અને ભક્તિનું કેન્દ્ર રહી છે. રામનવમીના દિવસે અયોધ્યામાં વિશાળ ઉત્સવનું આયોજન થાય છે. દેશ-વિદેશમાંથી હજારો શ્રદ્ધાળુઓ અહીં આવી ભગવાન શ્રીરામના જન્મોત્સવમાં જોડાય છે. મંદિરોમાં પૂજા-અર્ચના, રામાયણ પાઠ, ભજન-કીર્તન અને ધાર્મિક યાત્રાઓ યોજાય છે. સરયૂ નદીના કિનારે સ્નાન કરીને ભક્તો પોતાને પવિત્ર માનતા હોય છે. સમગ્ર શહેરમાં ધાર્મિક વાતાવરણ સર્જાય છે અને "જય શ્રીરામ"ના નાદથી અયોધ્યા ગુંજી ઉઠે છે.

તાજેતરના વર્ષોમાં અયોધ્યામાં ભવ્ય વિકાસકાર્યો પણ થયા છે, જેના કારણે આ પવિત્ર નગરી વિશ્વભરના ભક્તો માટે વધુ આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. ખાસ કરીને ભવ્ય અયોધ્યાના નિર્માણ બાદ અયોધ્યાનું ધાર્મિક મહત્વ વધુ વધી ગયું છે. રામનવમીના દિવસે અહીં ભક્તિ, આનંદ અને આધ્યાત્મિક ઊર્જાનો અનોખો મેળો જોવા મળે છે.

અયોધ્યા હિંદુ ધર્મમાં અત્યંત પવિત્ર નગરી માનવામાં આવે છે. માન્યતા અનુસાર અહીં ભગવાન રામનો જન્મ થયો હતો, તેથી આ સ્થળ ભક્તો માટે વિશેષ આસ્થાનું કેન્દ્ર છે.

રામનવમીના દિવસે અયોધ્યામાં વિશેષ ભક્તિમય માહોલ જોવા મળે છે. દેશ-વિદેશમાંથી હજારો શ્રદ્ધાળુઓ અહીં આવી ભગવાન શ્રીરામના જન્મોત્સવની ઉજવણી કરે છે. મંદિરોમાં પૂજા-અર્ચના, ભજન-કીર્તન અને રામાયણ પાઠ યોજાય છે.

સરયૂ નદીના કિનારે સ્નાન કરીને ભક્તો ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત કરે છે. આજે ભવ્ય રામ મંદિર અયોધ્યાના કારણે અયોધ્યાનું મહત્વ વધુ વધ્યું છે અને તે સમગ્ર વિશ્વના ભક્તો માટે આસ્થાનું મહત્વપૂર્ણ તીર્થસ્થાન બની ગયું છે.

રામનવમીના દિવસે અયોધ્યામાં વિશેષ ભક્તિમય માહોલ જોવા મળે છે. દેશ-વિદેશમાંથી હજારો શ્રદ્ધાળુઓ અહીં આવી ભગવાન શ્રીરામના જન્મોત્સવની ઉજવણી કરે છે. મંદિરોમાં પૂજા-અર્ચના, ભજન-કીર્તન અને રામાયણ પાઠ યોજાય છે. સરયૂ નદીના કિનારે સ્નાન કરીને ભક્તો ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત કરે છે



# ચૈતન્યનું જપ ગાન

બાઉલ કથા



લેફ્ટનન્ટ સતીશ વ્યાસ

વર્ષ 2026ના જાન્યુઆરી માસના બાઉલ ઉત્સવમાં અમે ઉમરગામ, વલસાડ, મગદ અને નંદીગ્રામ વિચરણ કર્યું. તે સમયે સાંઈ મકરંદની સમાધિ પર, બાઉલનું નૃત્ય અને ગાન કરવાનો ઉપક્રમ રચાયો. પૂજ્ય મકરંદભાઈના ભત્રીજા વિમલભાઈ અને સુશ્રી અમીબેન પરીખની ઉપસ્થિતિમાં આ પ્રસંગ રૂડી રીતે પૂર્ણ થયો.

તે વખતે પૂજ્ય રામકૃષ્ણ દેવ પરમહંસનું પ્રિય અને બાઉલ કુબેર દ્વારા લખાયેલ એક પદ, 'ડૂબ ડૂબ ડૂબ રૂપ સાગરે આમાર મન' મકરંદભાઈની સમાધિ પર બંને બાઉલ -ધનુ બાઉલ અને તરુણ બાઉલ- દ્વારા ગવાયું. બધાં મંત્રમુગ્ધ થઈ માણી રહ્યાં હતાં.

નંદીગ્રામથી અમે વલસાડ પાછા વળતા હતા ત્યારે એક વિદ્વાન મિત્રે જરા ટીકાના અર્થમાં કહ્યું મજા તો જરૂર પડી પરંતુ ત્રણ લીટીનું આ ગીત, બાઉલે ચિંગમની જેમ ખૂબ લંબાવી લંબાવી 6 મિનિટ અને 18 સેકન્ડ સુધી ચલાવ્યું! બેસીને, નાચીને, નાવ ચલાવવાના અભિનય કરીને, એમ અનેક વખત આપણને જાણે આ ગીતમાં ડુબાડી કેમ રાખ્યા તે ન સમજાયું!

જાહેરમાં ચર્ચાયેલો પ્રશ્ન હતો તેથી અમે કશું બોલ્યા નહીં પરંતુ બીજા એક વિદ્વાન મિત્રે કહ્યું કે મને બાઉલતત્ત્વનું કોઈ જ્ઞાન નથી પરંતુ આપણા સંસ્કૃત વાંગ્મમાંય ગાન એટલે કે ગાયનને સૌથી શ્રેષ્ઠ તપ ગણવામાં આવ્યું છે. ભક્તિના અન્ય સાધનો પૈકી કોઈ તે ગાનના તોલે આવી શકે એવું સાધન નથી, બાઉલ તે ગાનના સાધનને અનુસરે છે.

એમ કહી અનુમોદનમાં તેમણે તે સંસ્કૃત શ્લોક કહ્યો :

જપમ કોટી ગુણઃ ધ્યાન, ધ્યાન કોટી ગુણં લયં
લયં કોટી ગુણઃ ગાનમ, ગાનાત્ પરમ તપં નહીં

આ બંનેની વાત-વિવાદને બંને વચ્ચે બેઠેલો બાઉલ સાંભળતો હતો. તેણે ધનુ બાઉલને બંગાળીમાં આ વાત સમજાવી!

બાઉલ ધનુ મારી સામે હસ્યો અને બોલ્યો, ''દાદા ગુરુ! તમે તો બાઉલ સાથે ખૂબ જ ફરેલા છો, બાઉલના મર્મને જાણો છો તો આ બે વિદ્વાન વચ્ચે જે વાત થાય છે, તે અંગે કોઈ બાઉલે વાત કરી હોય તો તે કહો, કંઈક કહો ને!' '

મેં કહ્યું, ''ધનુ! આપણે અહીં મહેમાન છીએ, તેમના વિવાદમાં પડીએ તો તે આપણે માટે શોભાસ્પદ ન કહેવાય!''

અમે ભોજન માટે ગયા ત્યાં ધનુએ કહ્યું, ''દાદા ગુરુ! મને તો કહો!''

મેં કહ્યું, ''જો ધનુ! આ અંગે મને નાદિયામાં રહેતા કૃષ્ણદાસ બાઉલે એક સરસ વાત કરી હતી. તને કહું, કૃષ્ણદાસ બાઉલ ચૈતન્યને મહા બાઉલ ગણાવે છે. તે બાઉલે મને કહ્યું કે જપ ઈશ્વર સુધી જવાનો રસ્તો જરૂર છે, પણ તેમાં એક અડચણ છે, તે ક્રિયામાં યાંત્રિકતા આવી જાય છે!

જપ દ્વારા મનને પ્રભુમાં સ્થિર કરવાનો યત્ન કરનાર, સાધકનું મન તો કદાચ સ્થિર થતું નથી પણ હાથમાં રહેલ માળાના મણકા પણ સ્થિર થતા નથી! સતત ફરતા રહે છે! તેથી કહેવાયું છે કે તેના કરતાં ધ્યાન સારું, પરંતુ ધ્યાન કરવા બેસનારાના મનમાં ને મનમાં દંભ ઘૂસી જવાનો ભય છે, સાધક ધ્યાન ધરવાને બદલે કોઈ તેને બેધ્યાન અવસ્થામાં જોઈ ન જાય તે બાબતનું ધ્યાન વધુ રાખવા માંડે છે! તેથી તો સંગીતના લય દ્વારા પ્રભુમાં લયલીન થઈ જવું તે સાધન દ્રઢ માનવામાં આવ્યું પરંતુ તે સાધનની પણ એક તકલીફ છે, સાધક સંગીતના લયમાં લયલીન થઈ જાય છે. જો કે ખરેખર તેને લીન થવાનું હોય છે મનેર માનુષમાં! પણ તે મનેર માનુષ રૂપ અગાસીમાં પહોંચવાને બદલે, સંગીતના લયની સીડીમાં લયલીન થઈ ત્યાં બેસી જાય છે. તેથી આ શ્લોકમાં કહ્યું છે તેમ લયની તલ્લીનતા તોડવા માટે, શબ્દોની, ગીતની હાજરી અગત્યની. આ સંગીતના લય અને શબ્દોના ગાનની બેવડી રસ્સીની મદદથી સાધક મનેર માનુષ પાસે પહોંચી શકે કે જ્યાં પહોંચવું તે જ તેનું લક્ષ્ય હોય છે. પરંતુ મહાપ્રભુજી ચૈતન્યને લાગ્યું કે મનેર માનુષ સુધી જવાની આ નિસરણી તો બહુ લાંબી પડે છે લાંબી સીડી હેરવવા ફેરવવામાં અગવડભરેલી રહે છે, તેથી તેણે તે સીડીને સંકેલી શકાય તેવી- ફોલ્ડિંગ બનાવી- આ નિસરણી હાલતા, ચાલતા, નાચતા, કૂદતા, ખભે કે જીભ પર ઊંચકીને, હરતાફરતા ગાઈ શકાય તેવી બનાવી.

તે નિસરણીમાં ગાનની મહત્તા, લયની અલિપ્તતાનો ગુણ, ધ્યાનની નિર્દંભતા અને જપની અયાંત્રિકતા એ ચારે સંકળાયેલા હોય તેવી સીડી-નિસરણી બનાવી! તે નિસરણી એટલે મહામંત્ર "હરે કૃષ્ણ હરે રામ રામ રામ હરે હરે!"

આ વાત સાંભળી બાઉલ ધનુ પ્રસન્નતાથી મારી સામે જોઈ રહ્યો. અમે આદિવાસી ભોજન લેવા માટે હોટલ પર હાથ ધોઈ અને સ્વચ્છ થયા.

લયની તલ્લીનતા તોડવા માટે, શબ્દોની, ગીતની હાજરી અગત્યની. આ સંગીતના લય અને શબ્દોના ગાનની બેવડી રસ્સીની મદદથી સાધક મનેર માનુષ પાસે પહોંચી શકે કે જ્યાં પહોંચવું તે જ તેનું લક્ષ્ય હોય છે